ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તા: ૧૦/૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી .................................,
ભાવનગર.

## એમ.જે.સી.કે.આર. હાયર સેકન્ડરી સ્કુલ, સોનગઢના વિદ્યાર્થીઓ કરશે નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝમાં બેંગલોર ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST),ગાંધીનગર દ્વારા આ વર્ષે રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝ–૨૦૧૫ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાની ગ્રામ્ય આઈ.ટી.કવીઝ ૨૦૧૫નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **તા.૧ ઓગષ્ટ, ૨૦૧૫ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન મેડીકલ કોલેજ, એસ. ટી. બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર** ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની ૬૦ શાળાઓના ધોરણ ૮ થી૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ૧૨૦ ટીમોએ ભાગ લીધેલ.

આ જિલ્લા કક્ષાના ગ્રામ્ય આઈ.ટી.કવીઝ ૨૦૧૫ની વિજેતા થયેલ (૧૦) ટીમો ના વિદ્યાર્થીઓ **તા.૧૦/૯/૧૫ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર** ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ. રાજયકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના સમગ્ર જિલ્લામાંથી વિજેતા થયેલ કુલ **૩૨૦ ટીમોના ૬૪૦** વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ભાવનગર જિલ્લાની શ્રી એમ. જે. સી. કે. આર. હાયર સેકન્ડરી ઈંગ્લિશ સ્કુલ, સોનગઢના વિદ્યાર્થીઓ **મહેતા હિત અને લૈકા હાર્દિક (ધો.૧૨)** પસંદગી પામેલ. જે બેંગલોર ખાતે યોજાનાર નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ઉપરોકત સ્પર્ધામાં વિજેતાને રૂા. ૧૦,૦૦૦/– રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ તથા તેમની શાળાના માર્ગદર્શક શિક્ષક અવીનાશ દવે એ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવેલ.

પ્રી.પ્ર.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.